मूर्ख होय के विद्वान्, दरिद्री होय के लक्ष्मीवान्, बलवान होय के दुर्बल परंतु यम-धर्मनां मनमां न्यायमय सर्व समान छे. ॥ २९ ॥ एवी रीतनुं चित्रगुप्तनुं भाषण सांभळीने, ते वखत ए पातकी पोतीकां करेलां कर्मो बाबत शोक करवा छतां, मूगे मोढे हाल्याचाल्या वगर ऊभो रहे छे. ॥ ३० ॥ पछी यम धर्म ए चोर प्रमाणे निश्चळ ऊभा रहेला पातकीने जोइने, तेनां करेलां पातक तेने कही समळावे छे, तेमज ते पातको बाबत केवा केवा प्रकारनी शिक्षा घटे छे ते पण कहे छे ॥ ३१ ॥ पछी तेमना दूतो निर्दय थइने, तेने मार मारीने कहे छे के, तुं हवे अति भयंकर

मूर्खेऽपि पंडिते वापि दरिद्रे वा श्रियान्विते ॥ सबले निर्बले वापि समवर्ती यमः स्मृतः ॥२९॥
चित्रगुप्तस्येति वाक्यं श्रुत्वा ते पापिनस्तदा ॥ शोचंतः स्वानि कर्माणि तुष्णीं तिष्ठंति निश्चलाः ॥३०॥
धर्मराजोऽपि तान्दृष्ट्वा चोरवन्निश्चलान्स्थितान् ॥ आज्ञापयति पापानां शास्तिं चैव यथोचिताम् ॥३१॥
ततस्ते निर्दया दूतास्ताडयित्वा वदंति च ॥ गच्छ पापिन्महाघोरकानतिभीषणान् ॥३२॥
यमाज्ञाकारिणो दूताः प्रचंडचंडकादयः ॥ एकयाशेन तान्बध्वा नयंति नरकान्प्रति ॥३३॥
तत्र वृक्षो महानेको ज्वलदग्निसमप्रभः ॥ पंचयोजनविस्तीर्ण एकयोजनमुच्छ्रितः ॥३४॥
तद्वृक्षे श्रृंखलैर्बद्ध्वाधोमुखं ताडयंति ते ॥ रुदंति ज्वलितास्तत्र तेषां त्राता न विद्यते ॥३५॥

नरकमां जा ॥ ३२ ॥ हे गरुड ! यम-धर्मनी आज्ञा पाळनारा प्रचंड तथा चंड वगेरे घणा दूतो छे, तेमांनो कोई तेने पाश वडे बांधीने, नरकमां लइ जाय छे ॥ ३३ ॥ ए नरकनी पासे पांच योजन विस्तार तथा एक योजन ऊंचाइवाळुं अने अग्नि समान तेजस्वी एक वृक्ष छे ॥ ३४ ॥ तेना पगे सांकळ बांधीने, ए वृक्षे ऊंधो लटकावीने, मार मारे छे. ते समये तेनुं कोइ सहायक न होवाथी, ते ए ठेकाणे अति शोक करे छे. ॥ ३५ ॥

हे गरुड ! ए रीतना ए शीमळाने वृक्षे हजारो पापीओने लटकावे छे, अने क्षुधा तथा तृषाथी पीडित थवा छतां, तेओने मार मारे छे. ॥ ३६ ॥ ए रीतनो ए पातकी हाथ जोडीने तेनी प्रार्थना करे छे, के, हे दूतो ! मने मारशो नहि, हुं निराश्रित छुं. मारा अपराधोनी क्षमा करो. ॥ ३७ ॥ ए रीतनो ए पिशाच प्रार्थना करे छे तेम छतां पण तेने यमदूत लोढाना दंड, तोमर, मुद्गर, भाला, गदा अने मुसळ वडे वारंवार मार मारे छे. ॥ ३८ ॥ पछी ते अति मार मारवाथी निश्चेष्ट ( शरीरने लगती कोई पण चेष्टा न रहे ते रीतनो ) मूर्च्छित थाय छे, पछी तेने यमदूत

तस्मिन्वै शाल्मलीवृक्षे लंबंतेऽनेकपापिनः ॥ क्षुत्पिपासापरिश्रांता यमदूतैश्च ताडिताः ॥३६॥
क्षमध्वं भोऽपराधं मे कृतांजलिपुटा इति ॥ विज्ञापयंति तान्दूतान्पापिष्ठास्ते निराश्रयाः ॥३७॥
पुनःपुनश्च ते दूतैर्हन्यंते लोहयष्टिभिः मुद्गरैस्तोमरैः कुंतैर्गदाभिमुसलैर्भृशम् ॥३८॥
ताडनाच्चैव निश्चेष्टा मूर्च्छिताश्च भवंति ते ॥ तथा निश्चेष्टितान्दृष्ट्वा किंकरास्ते वदंति हि ॥३९॥
भो भो पापा दुराचाराः किमर्थं दुष्टचेष्टितम् ॥ सुलभानि न दत्तानि जलान्यन्नान्यपि क्वचित् ॥४०॥
ग्रासार्धमपि नो दत्तं न श्ववायसयोर्बलिम् ॥ नमस्कृता नातिथयो न कृतं पितृतर्पणम् ॥४१॥

कहे छे के ॥ ३९ ॥ हे दुराचारी पुरुष ! तें दुष्ट कर्म शा माटे कर्या ? सर्व प्रकारनां दानमां अति सरल एवुं, अन्न तथा जळनुं दान ते पण तें जीवतां केम कर्युं नहि ? ॥ ४० ॥ तें कोईने कदी पण अर्धो ग्रास ( कोळियो ) अन्न आप्युं नथी, कागडाने अने कूतरांने खावा सारु रांधेलुं अन्न मूक्युं नथी, अतिथि ( स्वामी-संन्यासी ) मळ्या छतां, तें तेमने नमस्कार कर्या नथी तथा पितरोने संतोषित करवा सारु तर्पण कर्युं नथी ॥ ४१ ॥



32

बळी जेथी करीने आ थाय छे तेवी शिक्षा भोगववी न पडे. एवुं यम–धर्म तथा चित्रगुप्तना जप तथा तेमनुं ध्यान वगेरे कर्मों कर्या नथी. ॥४२॥ तें कोइ पण तीर्थयात्रा करी नथी तथा देवोनुं पूजन पण कर्युं नथी. गृहस्थाश्रममां छतां तें कोइ दिवस हंतकार (हंत ए शब्द दाननी छेवटे बोलवो पडे छे) शब्द पण मुखमांथी कहाडयो नथी. ॥४३॥ साधुनो समागम पण कर्यो नथी; माटे तुं तारा पापकर्मोनुं फळ भोगव, तुं धर्महीन छे तेटला माटे तने मार मारवामां आवे छे. ॥४४॥ अप-

यमस्य चित्रगुप्तस्य न कृतं ध्यानमुत्तमम् ॥ न जप्तश्च तयोर्मंत्रो न भवेद्येन यातना ॥४२॥
नापि किंचित्कृतं तीर्थं पूजिता नैव देवताः ॥ गृहाश्रमस्थितेनापि हंतकारोऽपि नो धृतः ॥४३॥
शुश्रूषिताश्च नो संतो भुंक्ष्व पापफलं स्वकम् ॥ यतस्त्वं धर्महीनोऽसि ततः संताड्यसे भृशम् ॥४४॥
क्षमापराधं कुरुते भगवान्हरिरीश्वरः ॥ वयं तु सापराधानां दंडदा हि तदाज्ञया ॥४५॥
एवमुक्त्वा च ते दूता निर्दयं ताडयंति तान् ॥ ज्वलदंगारसदृशाः पतितास्ताडनादधः ॥४६॥
पतनात्तस्य पत्रैश्च गात्रच्छेदो भवेत्ततः ॥ तानधः पतितान् श्वानो भक्षयंति रुदंति ते ॥४७॥
रुदंतस्ते ततो दूतैर्मुखमापूर्य रेणुभिः ॥ निबद्ध्य विविधैः पाशैर्हन्यंते केऽपि मुद्गरैः ॥४८॥

राधोनी क्षमा करनारा श्रीहरि भगवान् छे. अमे तो तेमनी आज्ञाथी खरा अपराधी पुरुषने दंड करनारा छीए. ॥४५॥ एम कहीने, ए निर्दयपणाथी तेने फरी मार मारे छे. पछी ते बळता अंगारा समान लाल थइने, नीचे पडे छे. ॥४६॥ पडे एटले ए वृक्षनां पांदडां वडे तेनुं शरीर छेदाइ जाय छे, अने तेने त्यांनां कूतरां भक्षण करे छे; तेथी ते अति शोक करे छे. ॥४७॥ ते वजते त्यांना दूत तेना मोढामां पुष्कळ माटी घाले छे, अने अनेक प्रकारना पाश–(दोरडां) वडे तेने बांधीने, मुद्गर अने पाश वडे मारे छे. ॥४८॥

केटलाएक पातकी पुरुषोने करवत वडे लाकडानी पेठे वहेरे छे, तथा केटलाएक पुरुषने जमीनपर आडा नाखीने, तेना कुहाडीवडे ककडा करे छे. ।।४९।। तथा केटलाएकनुं धड भोंयमां दाटीने, डोकाने बाणवडे भेदे छे, केटलाएकने कोलुमां घालीने, शेलडीनो पेठे पीले छे. ।।५०।। केटलाकने अंगारामां तथा केटलाकने बळती चितामां घालीने, धमणवडे लोढाना गोळा जेवो तपावे छे. ।।५१।। केटलाकने कडकडतां धीमां तथा केटलाकमे कडकडता तेलमां नाखीने, कडाइमांनां बडांनी पेठे तळे छे. ।।५२।। केटलाकने मदोन्मत्त हाथीनी आगळ मार्गमां नाखे छे. केटलाकना हाथ पग बांधीने, मोंढे मांकडी (पथ्थर

पापिनः केऽपि भिद्यंते क्रकचैः काष्ठवद्द्विधा ॥ क्षिप्त्वा चान्ये धरापृष्ठे कुठारैः खंडशः कृताः ॥४९॥
अर्धं खात्वाऽवटे केचिद्भिद्यंते मूर्ध्नि सायकैः ॥ अपरे यंत्रमध्यस्थाः पीड्यंते चेक्षुदंडवत् ॥५०॥
केचित्प्रज्वलमानैस्तु सांगारैः परितो भृशम् ॥ उल्मुकैर्वेष्टयित्वा च ध्मामंते लोहपिंडवत् ॥५१॥
केचिद्धृतमये पाके तैलपाके तथा परे ॥ कटाहक्षिप्तवटकवत्प्रक्षिप्यंते यतस्ततः ॥५२॥
केचिन्मत्तगजेंद्राणां क्षिप्यंते पुरतः पथि ॥ बध्वा हस्तौ च पादौ च क्रियंते केऽप्यधोमुखाः ॥५३॥
क्षिप्यंते केऽपि कूपेषु पात्यंते केऽपि पर्वतात् ॥ निमग्नाः कृमिकुंडेषु तुद्यंते कृमिभिः परे ॥५४॥
वज्रतुंडैर्महाकाकैर्गृध्रैरामिषगृध्नुभिः ॥ निष्कुष्यंते शिरोदेशे नेत्रे वास्ये च चंचुभिः ॥५५॥

अथवा लाकडानी (फाचर) दइने, घडीमां ऊंधो लटकावे अने घडीमां समो राखे छे. ।५३।। केटलाकने कूवामां नाखे छे. केटलाकने पर्वत परथी धवकेली मेले छे. केटलाक कीडाथी खदबदता कुंडमां पडीने, त्यांनो बीजा कीडाओना करडवाथी व्यथा (दुःख) पामे छे. ।।५४।। जेनी वज्र समान कठण चांचो छतां, मांसभक्षणनी निरंतर इच्छा राखनारा मोटा मोटा कागडा तथा गीधना वळगाणथी केटलाकनां माथां तथा नेत्रोनुं विदारण थाय छे. ।।५५।।

केटलाकना लेणदार मरीने यमलोकमां आव्या होय, ते तेने मळे एटले पोतानुं द्रव्य मागीने कहे छे के तें मारुं द्रव्य पचाव्युं छे तो मारुं द्रव्य ताकीदथी आप. ॥५६॥ ए रीते लेणदार तथा देणदार विवाद करे ते वखते यमदूतो साणसा वडे तेना शरीर थकी मांसना लोचा खेंचीने, ते लेणदारना मुखमां घाले छे. ॥५७॥ ए रीते तेने बहु मार मारीने तथा खेंचीने, यमाज्ञाथी तेने तमिस्रादि घोर नरकमां नांखे छे. ॥५८॥ भगवान् गरुडने कहे छे, हे गरुड ! यमलोकमां ए वृक्षनी पासे अति दुःखकारक नरक घणुं छे, तेमां पडया पछी जे दुःख पडे छे, तेनुं वर्णन करी शकातुं नथी ॥५९॥ हे गरुड ! सघळां

ऋणं वै प्रार्थयंत्यन्ये देहि देहि धनं मम ॥ यमलोके मया दृष्टो धनं मे भक्षितं त्वया ॥५६॥
एवं विवदमानानां पापिनां नरकालये ॥ छित्वा संदंशकैर्दूता मांसखंडान्ददंति च ॥५७॥
एवं संताडच तान्दूताः संकृष्य यमशासनात् ॥ तामिस्रादिषु घोरेषु क्षिप्यंते नरकेषु च ॥५८॥
नरकां दुःखबहुलास्तत्र वृक्षसमीपतः ॥ तेष्वस्ति यन्महद्दुःखं तद्वाचामप्यगोचरम् ॥५९॥
चतुरशीतिलक्षाणि नरकाः संति खेचर ॥ तेषां मध्ये घोरतमा धौरेयास्त्वेकविंशतिः ॥६०॥
तामिस्रो लोहशंकुश्च महारौरवशाल्मली ॥ रौरवः कुड्मलः कालसूत्रकः पूतिमृत्तिकः ॥६१॥
संघातो लोहितोदश्च सविषः संप्रतापनः ॥ महानिरयकाकोलौ संजीवनमहापथौ ॥६२॥
अवीचिरंधतामिस्रः कुंभीपाकस्तथैव च ॥ संप्रतापननामैकस्तपनस्त्वेकविंशति ॥६३॥

मळीने नरक चोराशी लाख छे, तेमां मुख्य भयंकर एकवीश छे. तेनां नाम. ॥६०॥ तामिस्र, लोहशंकु, महारौरव, शाल्मली, रोरव, कुड्मल, कालसूत्रक, पूतिमृत्तिका, ।६१॥ संघात, लोहितोद, सविष, संप्रतापन, महानिरय, काकोल, संजीवन, महापथ, ॥६२॥ अवीचि, अंधतामिस्र, कुंभीपाक, संप्रतापन बीजुं, तथा तपन. ॥६३॥

ए रीतनां एकवीशमांना प्रत्येक नरकमां अनेक प्रकारनी पीडा छतां, जुदा जुदा भेदवाळां छे एम जाणवुं, जेने विषे नाना प्रकारनां पातकोनां परिणाम थवानां तेम छतां, प्रत्येक ठेकाणे जुदा जुदा दूतोवाळां जाणवा. ॥६४॥ ए नरकोमां जे धर्महीन छतां पातकी छे ते ज पडे छे, अने तेमां निवास करीने, कल्प-[ब्रह्मदेवनो एक दिवस] सुधी जुदे जुदा नरकोनी शिक्षा भोगवे छे. ॥६५॥ हे गरुड ! तामिस्र अंधतामिस्र, वगेरे नरकने लगती जे जे यातनाओ (शिक्षाओ) कही छे, ते सर्वे पुरुष होय के स्त्री होय परंतु कृत्योने यागे त्यां आवीने भोगवे छे. ॥६६॥ जे मात्र पोतानुं तथा पोतीका कुटुंबनुं ज उदरपोषण

नानापीडामयाः सर्वे नानाभेदैः प्रकल्पिताः ॥ नानापाकविपाकाश्च किंकरौघैरधिष्ठिताः ॥६४॥
एतेषु पतिता मूढाः पापिष्ठा धर्मवर्जिताः ॥ तत्र भुंजंति कल्पांते तास्ता नरकयातनाः ॥६५॥
यास्तामिस्रांधतामिस्रा रौरवाद्याश्च यातनाः ॥ भुंक्ते नरो वा नारी वा मिथः संगेन निर्मिताः ॥६६॥
एवं कुटुंबं बिभ्राण उदरंभर एव वा ॥ विसृज्येहोभयं प्रेत्य भुंक्ते तत्फलमीदृशम् ॥६७॥
एकः प्रपद्यते ध्वांतं हित्वेदं स्वं कलेवरम् ॥ कुशलेतरपाथेयो भूतद्रोहेण वद्भृतम् ॥६८॥
दवेनासादितं तस्य शमले निरये पुमान् ॥ भुंक्ते कुटुंबपोषस्य हृतद्रव्य इवातुरः ॥६९॥
केवलेन ह्यधर्मेण कुटुंबभरणोत्सुकः ॥ याति जीवोऽधतामिस्रं चरमं तमसः पदम् ॥७०॥
अधस्तान्नरलोकस्य यावतीर्यातनादयः ॥ क्रमशः समनुक्रम्य पुनरत्राव्रजेच्छुचिः ॥७१॥

॥ इति श्रीगरुडपुराणे सारोद्धारे यमयातनानिरूपणो नाम तृतीयोऽध्यायः ॥३॥

करनारा छे, ते आ लोकमां मूआ पछी पोताना देह तथा कुटुंबनो त्याग करीने, परलोकमां जइने, एवा फलनो उपभोग ले छे. ॥६७॥ बीजाओनो द्वेष करने पोष्युं होय, ते शरीरनो अहीं त्याग करीने, पोते संपादन करेलां पाप भोगववाने अर्थे लइने, एकलो ज नरकमां जाय छे. ॥६८॥ त्यां परमेश्वरनी इच्छाथी प्राप्त थयेलां नरकादि फलनो उपभोग ले छे. ॥६९॥ जे मात्र अन्याय कर्मथी ज कुटुंबनुं पोषण करे छे, ते अंधतामिस्र नामना नरकमां जाय छे. आ अति दुःख देनारुं छे एम जाणवुं. ॥७०॥

हे गरुड ! ए जीव, मनुष्य योनिथी उतरती जे जे योनीयो छे, ते तेने विषे प्राप्त थइने, जेटली यातनाओ (शिक्षाओ) छे, तेटलीनो उपभोग लइने, शुद्ध थइने, पछी आ मनुष्यदेहने पामे छे. ॥७१॥

इति श्री गरुडपुराणे सारोद्धारे यमयातना निरूपणो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

## ॥ अथ चतुर्थोऽध्यायः ॥

गरुडजी भगवानने प्रश्न पूछे छे, के हे भगवान् ! हे केशव ! कयां कर्मोंने लीधे प्राणी यममार्गे, कयां कर्मोंथी नरकमां तथा कयां कर्मोंथी वैतरणी नामनी नदीमां पडे छे? ते मने कहो. ॥ १ ॥ ए रीतनो गरुडनो प्रश्न सांभळीने, तेमने भगवान कहे छे, हे गरुड ! जे निरंतर निषिद्ध कर्मोनुं आचरण करीने शुभ कर्मोमां विरुद्ध थाय छे,

## ॥ अथ चतुर्थोऽध्यायः ॥

गरुड उवाचः—

कैर्गच्छंति यममार्गे वैतरण्यां पतंति कैः ॥ कैः पापैर्नरके यांति तन्मे कथय केशव ॥१॥

श्री भगवानुवाचः—

सदैवाकर्मनिरताः शुभकर्मपराङ्मुखाः ॥ नरकान्नरकं यांति दुःखाद्दुःखं भयाद्भयम् ॥२॥
धर्मराजपुरे यांति त्रिभिद्वारैस्तु धार्मिकाः ॥ पापास्तु दक्षिणद्वारमार्गेणैव व्रजंति तत् ॥३॥
अस्मिन्नेव महादुःखे मार्गे वैतरणी नदी ॥ तत्र ये पापिनो यांति तानहं कथयामि ते ॥४॥
ब्रह्मघ्नाश्च सुरापाश्च गोघ्ना बा बालघातकाः ॥ स्त्रीघाती गर्भपाती च ये च प्रच्छन्नपापिनः ॥५॥

ते ज नरकमांथी पाछा नरकमां जाय छे, अने तेने, ते कारणने लीधे ज दुःख थकी दुःख तथा भय थकी भय प्राप्त थाय छे. ॥ २ ॥ धर्मराजाना नगरमां त्रण दिशाओथी धार्मिक जन जाय छे अने जे पातकी छे ते दक्षिण भणीना दरवाजामां जाय छे. ॥ ३ ॥ ए ज महादुःख देनारा मार्गमां वैतरणी नामनी नदी छे. ए वैतरणी नामनी नदीमां जे पातकी पडे छे, ते विषे कहुं छुं. ॥ ४ ॥ ब्रह्महत्या करनारा, सुरापान करनारा, गायो, बालक तथा स्त्रीओनो वध करनारा, गर्भपात करनारा; पोतानां पातको ढांकी राखनारा ॥ ५ ॥

गुरु, देव अने ब्राह्मणनुं द्रव्य हरण करनारा तथा स्त्रीओ अने बाळकोनुं पण द्रव्य हरण करनारा. ॥ ६ ॥ जेओ करज़ आपता नथी, जेओ अनामत मूकेली पूंजीने ओळवे छे. विश्वासघात तथा जेओ भोजनमां विष घालीने तेने योगे हिंसा करनारा. ॥ ७ ॥ बीजाओना दोष ऊघाडा करनारा, गुणवान् पुरुषना गुणनुं वर्णन न करनारा, गुणवान पुरुषनी साथे मत्सर ( अदेखाइ ) करनारा, नीचनी साथे प्रीति करनारा, मूढ कुसंगत करवाने राजी रहेनारा. ॥ ८ ॥ तीर्थ, सज्जन, सत्कर्म, गुरु तथा देव एओनी निंदा करनारा; पुराण, वेद, मीमांसा, न्याय तथा वेदांत एओने दोष देनारा, ॥ ९ ॥ दुःखी जनोने जोइने

ये हरंति गुरोर्द्रव्यं द्विजस्य वा ॥ स्त्रीद्रव्यहारिणो ये च बालद्रव्यहराश्च ये ॥६॥
ये ऋणं न प्रयच्छंति ये वै न्यासापहारकाः ॥ विश्वासघातका ये च सविषान्नेन मारकाः ॥७॥
दोषग्राही गुणाश्लाधी गुणवत्स समत्सराः ॥ नीचानुरागिणो मूढाः सत्संगतिपराङ्मुखाः ॥८॥
तीर्थसज्जनसत्कर्मगुरुदेवविनिंदकाः ॥ पुराणवेदमीमांसान्यायवेदांतदूषकाः ॥९॥
हर्षिता दुःखितं दृष्ट्वा हर्षिते दुःखदायकाः ॥ दुष्टवाक्यस्य वक्तारो दुष्टचित्ताश्च ये सदा ॥१०॥
न शृण्वंति हितं वाक्यं शास्त्रवार्तां कदापि न ॥ आत्मसंभाविताः स्तब्धा मूढाः पंडितमानिनः ॥११॥
एते चान्ये च बहवः पापिष्ठा धर्मवर्जिताः ॥ गच्छंति यममार्गे हि रोदमाना दिवानिशम् ॥१२॥

आनंद पामनारा तथा आनंदी जनोने दुःख देनारा, नठारुं वचन बोलनारा; जे निरंतर नठारा स्वभावना, ॥ १० ॥ जेओ बीजाओना मोढेथी नीकळेलुं पोताना हितनुं वचन तथा शास्त्रमांनी बाबतोने कदी पण सांभळता नथी, पोताने ज मानवंत समजनारा, मूढ अने पोते पोताने विद्वान छुं एम माननारा; ॥११॥ ए रीतना कह्या ते तथा ते सिवाय पण बीजा जे पातको, धर्महीन ते सर्वे यममार्गे जइने, रात्रीदिवस शोक ( उदासी ) करे छे. ॥ १२ ॥

तथा केटलाकने यमदूतोना मार पडया छतां, वैतरणीमां पडवुं पडे छे. एवा जे पातकी, ते तमने कही संभळावुं छुं; एम गरुडने भगवान् कहे छे. । १३॥ मा, बाप, गुरु, आचार्य तथा पोताने मनथी जे जन पूजनिक होय ते सर्वनुं जे अपमान करे छे; ते वैतरणीमां पडे छे. ॥१४॥ पतिनी सेवामां तत्पर छतां, जेणीनां उत्तम आचरण, कुलीन ( कुळवाननी दीकरी होय ) तथा विनययुक्त ( नमीने चालनारी ) एवी पोतानी स्त्रीनो जे पुरुष द्वेषने लीधे त्याग करे छे, ते वैतरणीमां पडे छे. ॥१५॥ साधुपुरुष पर गुणने बदले दोष मेले छे तथा जे पुरुष तेमनी अमर्यादा करे छे, ते वैतरणीमां पडे छे. ॥१६॥ जे पुरुष ब्राह्म-

यमदूतैस्ताडयमाना यांति वैतरणीं प्रति ॥ तस्यां पतंति ये पापास्तानहं कथयामि ते ॥१३॥
मातरं येऽवमन्यंते पितरं गुरुमेव च ॥ आचार्यं चापि पूज्यं च तस्यां मज्जंति ते नराः ॥१४॥
पतिव्रतां साधुशीलां कुलीनां विनयान्विताम् ॥ स्त्रियं त्यजंति ये द्वेषाद्वैतरण्यां पतंति ते ॥१५॥
सतां गुणसहस्त्रेषु दोषानारोपयंति ये ॥ तेष्ववज्ञां च कुर्वंति वैतरण्यां पतंति ते ॥१६॥
ब्राह्मणाय प्रतिश्रुत्य यथार्थं न ददाति यः ॥ आहूय नास्ति यो ब्रूयात्तयोर्वासश्च संततम् ॥१७॥
स्वयंदत्तापहर्ता च दानं दत्त्वाऽनुतापकः ॥ परवृत्तिहरश्चैव दाने दत्ते निवारकः ॥१८॥
यज्ञविध्वंसकश्चैव कथाभंगकरश्च यः ॥ क्षेत्रसीमाहरश्चैव यश्च गोचरकर्षकः ॥१९॥

णने पूर्ण विश्वास आपीने एम कहे के, हुं तमने अमुक [ फलाणो ] पदार्थादि आपीश तथा जे पुरुष ब्राह्मणने पासे बोलावीने, आपवानुं दान बीजानी शरमथी ए बोलावेला ब्राह्मणने न आपतां बीजाने आपे, ए बेउ पुरुषो निरंतर वैतरणीमां पडे छे. ॥१७॥ जे पोते दान आपीने हरी लेनारो, नठारा शब्द बोलीने ब्राह्मणने धमकी देनारो, बीजाए आपेली जीविका (वरषासन) हरी लेनारो, पुण्य करनारने वारनारो ॥१८॥ यज्ञनो विध्वंश ( नाश ) करनारो भगवत्कथा चालती होय तेनो भंग करनारो,गाम तळियानी जमीनने खेडीने वावेतर करनारो,गायोने चारवानी गोचर नामनी जमीनने खेडीने खेतर करनारो.।१९।

ब्राह्मण छतां घी, दूध, तेल वगेरे रसनो व्यापार करनारो, दासीनी साथे मैथुन करनारो, वेदमां कहेली हिंसा सिवाय मात्र पोताने मांस खावाना हेतुथी पशुहिंसा करनारो, ॥२०॥ ब्राह्मणकर्मनो त्याग करनारो, मांसभक्षण करनारो, मद्यपान करनारो, स्वभावमां मर्यादा न छतां यथेच्छ (इच्छा प्रमाणे) चालनारो, शास्त्राध्ययन थकी भ्रष्ट थनारो. ॥२१॥ शूद्र छतां वेदाक्षरनो उच्चार करनारो, कपिला गायनुं दूध पीनारो, जनोइ पहेरनारो अथवा ब्राह्मणनी स्त्रीनो संभोग करनारो, ॥२२॥ राजानी स्त्रीनी साथे संभोगनी इच्छा राखनारा, परस्त्रीनुं हरण करनारा, दीकरी साथे संभोग करवानी इच्छा धारण करनारा, बीजानी स्त्री पतिव्रता छतां तेणीपर बलात्कार करनारा. ॥२३॥ भगवान् कहे छे हे गरुड ! में तमने जे जे पातक

ब्राह्मणो रसविक्रेता यदि स्याद्वृषलीपतिः ॥ वेदोक्तयज्ञादन्यत्र स्वात्मार्थः पशुमारकः ॥२०॥
ब्रह्मकर्मपरिभ्रष्टो मांसभोक्ता च मद्यपः ॥ उच्छृंखलस्वभावो यः शास्त्रध्ययनवर्जितः ॥२१॥
वेदाक्षरं पठेच्छूद्रः कापिलं यः पयः पिबेत् ॥ धारयेद्ब्रह्मसूत्रं च भवेद्वा ब्राह्मणीपतिः ॥२२॥
राजभार्याभिलाषी च परदारापहारकः ॥ कन्यायां कामुकश्चैव सतीनां दूषकश्च यः ॥२३॥
एते चान्ये च बहवो निषिद्धाचरणोत्सुकाः ॥ विहितत्यागिनो मूढा वैतरण्यां पतंति ते ॥२४॥
सर्वं मार्गमतिक्रम्य यांति पापा यमालये ॥ पुनर्यमाज्ञयागत्य दूतास्तस्यां क्षिपंति तान् ॥२५॥
या वै धुरंधरा सर्वधौरेयाणां खगाधिप ॥ अतस्तस्यां प्रक्षिपंति वैतरण्यां च पापिनः ॥२६॥

कह्यां ते तथा ते सिवाय बीजा निषिद्ध कर्मोनुं आचरण करनारा तथा विहित (फायदा भरेलां) कर्मोनो त्याग करनारा एवा जे ए मूर्ख, वैतरणी नदीमां पडे छे. ॥२४॥ ते एम के, पातकी प्राणीए आखा यममार्गने अतिक्रम (सघळे ठेकाणे फरी वळवुं) करीने प्रथम यमलोकमां जाय छे; अने पछी तेने यमाज्ञा परथी वैतरणी नामनी नदीमां नाखे छे. ॥२५॥ के, जे नदी मुख्य एकवीस नरक कह्यां तेमां पण मुख्य छे माटे बीजां नरकोने पडतां मेलीने, प्रथम ते नदीमां ज नांखे छे. ॥२६॥

जेणे कपिला (काळी गाय) नुं दान कर्युं नथी तथा जेनी उर्ध्वदेहादि क्रियाओ थइ नथी, तेओ नदीमां पडीने, सर्व दुःख भोगवीने, पछी ए नदीना कांठापरनां वृक्षोनो जन्म ले छे. ॥२७॥ खोटी साक्षी पूरनारा, वेदमां निंदेला धर्मनुं आचरण करनारा, लोकोने ठगी ठगीने द्रव्य संपादन करनारा, चोरीनां धंधाथी जीवनारा, ॥२८॥ मोटा मोटा वृक्षोनुं छेदन करनारा, वाडीओ तथा फूलबागोनो नाश करनारा, व्रत तथा तीर्थोंनो त्याग करनारा, विधवा स्त्रीने आचार थकी भ्रष्ट करनारा ॥२९॥ तथा परपुरुष साथे आसक्त थइने, पोताना पतिनी वंचना करनारी स्त्रीओ विगेरे पातकी यमलोकमांना सीमलाना झाडे लटकवानुं पामीने, त्यां यमदूतनां हाथनो अति मार सहन करे छे. ॥३०॥ अने ए झाडेथी पडी जाय छे एटले तेने

कृष्णा गौर्यादि नो दत्ता नोर्ध्वदेहक्रियाः कृताः ॥ तस्यां भुक्त्वा महद्दुःखं यांति वृक्षं तटोद्भवम् ॥२७॥
कूटसाक्ष्यप्रदातारः कूटधर्मपरायणाः ॥ छलेनार्जनसंसक्ताश्चौर्यवृत्त्या च जीविनः ॥२८॥
छेदयंत्यतिवृक्षांश्च वनारामविभंजकाः ॥ व्रतं तीर्थं परित्यज्य विधवाशीलनाशकाः ॥२९॥
भर्तारं दूषयेन्नारी परं मनसि धारयेत् ॥ इत्याद्याः शाल्मलीवृक्षे भुंजते बहुते बहुताडनम् ॥३०॥
ताडनात्पतिता दूताः क्षिपंति नरकेषु तान् ॥ पतंति तेषु ये पापास्तानहं कथयामि ते ॥३१॥
नास्तिका भिन्नमर्यादाः कदर्या विषयात्मकाः ॥ दांभिकाश्च कृतघ्नाश्च ते वै नरकगामिनः ॥३२॥

यमदूत उचकीने नरकमां नाखे छे. एवा नरकमां पडनारो पातकी कोण? ते हुं तमने कहुं छुं. ॥३१॥ नास्तिक (ईश्वर नथी एम माननारा) भिन्नमर्यादा [परंपराथी चालता आवेला धर्मने तजीने नवा धर्ममां जनारा] कदर्य [पोताने, धर्मने तथा पुत्रादिकने सुख थवाने अर्थे जेओ द्रव्य वापरता नथी एवा सुमपणुं धारण करनारा.] रात्रीदिवस विषय-[स्त्रीसंग]नुं चिंतन करनारा, दांभिक [कपटथी जूठो आचार बतावी ठगनारा] अने कृतघ्नी [करेला उपकारने भूलनारा] ए सर्वे नरकमां जनारा छे एम जाणवुं. ॥३२॥

कूवा, तळाव, वाव, देवमंदिरो तथा लोकोना घरोने छिन्नभिन्न करनाराओ नरकमां जाय छे. ॥३३॥ पोतानी स्त्री, पुत्र, चाकर तथा गुरु विगेरेनो त्याग करीने, जे पुरुष भोजन करे छे तथा पितरो (मरी गयेला पूर्वजो), देवो तथा यज्ञयागादिने लगती क्रियाओनो त्याग करे छे, ते नरकमां जाय छे, ॥३४॥ खीला रोपीने, पुल भागीने, झैडां झेंटीने, पथरा गोठवीने तथा कांटा झेंठीने, जे जेनो रस्ता बंध करे छे, तेओ नरकमां जाय छे. ॥३५॥ शिव, पार्वती, विष्णु, सूर्य, गणपति, सद्गुरु तथा ज्ञानी एओनुं जे पुरुषो पूजन करता नथी, ते नरकमां जाय छे. ॥३६॥ जे ब्राह्मण मैथुन करवाना हेतुथी दासीने पलंग पर

कूपानां च तडागानां वापीनां देवसद्मनाम् ॥ प्रजागृहाणां भेत्तारस्ते वै नरकगामिनः ॥३३॥
विसृज्याश्नंति ये दाराञ्छिशून्यभृत्यांस्तथा गुरून् ॥ उत्सृज्य पितृदेवेज्यां ते वै नरकगामिनः ॥३४॥
शंकुभिः सेतुभिः काष्ठै पाषाणैः कंठकैस्तथा ॥ यै मार्गमुपरुंधंति ते वै नरकगामिनः ॥३५॥
शिवं शिवां हरिं सूर्यं गणेशं सद्गुरुं बुधम् ॥ न पूजयंति ये मंदास्ते वै नरकगामिनः ॥३६॥
आरोप्य दासीं शयने विप्रो गच्छेदधोगतिम् ॥ प्रजामुत्पाद्य शूद्रायां ब्राह्मण्यादेव हीयते ॥३७॥
न नमस्कारयोग्यो हि स कदापि द्विजोऽधमः ॥ तं पूजयंति ये मूढास्ते वै नरकगामिनः ॥३८॥
ब्राह्मणानां च कलहं गोयुद्धं कलहप्रियाः ॥ न वर्जंत्यनुमोदंते वै नरकगामिनः ॥३९॥

लीधी होय, ते तेना ब्रह्मत्वथी भ्रष्ट थइने, अधोगतिए जाय छे. शूद्र जातिनी स्त्री थकी जे ब्राह्मणने संतति (छैयांछोकरां) थाय छे, ते ब्राह्मण ब्रह्मत्वथकी भ्रष्ट थाय छे. ॥३७॥ जे ब्राह्मण ब्राह्मणोना समुदायमां अधम गणायो होय, तेने कदी पण नमस्कार नरवो योग्य ठरतो नथी; एम छतां जे पुरुष एवा ब्राह्मणनी पूजा करे छे, ते नरकमां जवाना एम जाणवुं ॥३८॥ जे पुरुष ब्राह्मणो तथा गायोनां मांहोमांहे युद्ध कराववाने अथवा जोवाने इच्छे छे, ते नरकमां जाय छे. ॥३९॥



72

जे स्त्रीने बीजो कांइ रस्तो न होय, तेवी स्त्रीनी रजस्वलापणानी मुदत जे पुरुष द्वेषथी वीतावी दे छे, ते नरकमां जाय छे ॥४०॥ जे पुरुष विषयपीडाने लीधे अंध थइने रजस्वला स्त्रीनी साथे गमन करे. तथा जे पुरुष अमावास्यादि पर्वकाले जलमां, दिवसे के श्राद्धने दिवसे स्त्रीगमन करे छे, ते नरकमां जाय छे. ॥४१॥ जे जन अग्नि, फल- फूलझाडना बाग, धोरी मार्ग के गोशाळामां मलनो त्याग करशे (झाडे फरशे), ते नरकमां जशे. ॥४२॥ प्राणघातक हथियारोना घडनारा के निर्माण करनारा, तथा तेनो व्यापार करनारा पुरुषोनो निवास नरकमां थाय छे. ॥४३॥ वैश्य ( वाणिया ) छतां

अनन्यशरणस्त्रीणामृतुकालव्यतिक्रमम् ॥ ये प्रकुर्वंति विद्वेषात्ते वै नरकगामिनः ॥४०॥
येऽपि गच्छंति रागांधा नरा नारीं रजस्वलाम् ॥ पर्वस्वप्सु दिवा श्राद्धे ते वै नरकगामिनः ॥४१॥
ये शारीरं मलं वह्नौ प्रक्षिपंति जलेऽपि च ॥ आरामे पथि गोष्ठे वा ते वै नरकगामिनः ॥४२॥
शस्त्राणां ये च कर्तारः शराणां धनुषां तथा ॥ विक्रेतारश्च ये तेषां ते वै नरकगामिनः ॥४३॥
चर्मविक्रयिणो वैश्याः केशविक्रयकाः स्त्रियः ॥ विषविक्रयिणः सर्वे ते वै नरकगामिनः ॥४४॥
अनाथं नानुकंपंति ये सतां द्वेषकारकाः ॥ विनापराधं दंडंति ते वै नरकागामिनः ॥४५॥
आशया समनुप्राप्तान्ब्राह्मणानर्थिनो गृहे ॥ न भोजयंति पाकेऽपि ते वै नरकगामिनः ॥४६॥

जे चामडानो वेपार करे, स्त्रीजाति माथाना वाळ के उननो व्यापार करे, तथा विष-( झेर ) नो व्यापार करनारा ए सर्वे नरकमां जाय छे. ॥४४॥ अनाथ-( जेने माथे लौकिक समर्थ धणी न होय ते अथवा गरीब ) नी उपर दया न करनारा; साधुओनो द्वेष ( अदेखाइ ) करनारा तथा अपराध ( गुनो, वांक ) सिवाय दंड एटले शिक्षा ( पछी शरीरे भोगववानी होय के धननी होय ) करनारा ए सर्वे नरकमां जाय छे. ॥४५॥ आशा धरीने जमवा आवेला ब्राह्मणने रसोइ थया छतां जेओ जमाडता नथी ते नरकमां जाय छे. ॥४६॥

कोइना पर विश्वासनुं वचन न आपनारा, तेमना पर दया न करनारा तथा सर्वनी साथे ठगाइथी वर्ते छे ते नरकमां जाय छे. ॥४७॥ जे जन कोइपण जातनी सेवापूजा करवानो निश्चय नियम करवा छतां, इंद्रियो न जितायाने लीधे ते क्रियानो त्याग करे छे ते नरकमां जाय छे. ॥४८॥ ब्रह्मज्ञाननो उपदेश करनारा ब्रह्मवेत्ता तथा पुराण कहेनारा व्यासने जेओ मानता नथी ते नरकमां जाय छे. ॥४९॥ मित्रनो द्वेष करनारा तथा प्रीति अने आशानो भंग करनारा नरकमां जाय छे. ॥५०॥ जे विवाहनी जान, तीर्थवासीने लूंटे छे, ते नरकमां जाय छे, अने तेनो कदीपण उद्धार थतो नथी. ॥५१॥ जे पुरुष

सर्वभूतेष्वविश्वस्तास्तथा तेषु विनिर्दयाः ॥ सर्वभूतेषु जिह्मा ये ते वै नरकगामिनः ॥४७॥
नियमान्समुपादाय ये पश्चादजितेंद्रियाः विग्लापयंति तान्भूयस्ते वै नरकगामिनः ॥४८॥
अध्यात्मविद्यादातारं नैव मन्यंति ये गुरुम् ॥ तथा पुराणवक्तारं ते वै नरकगामिनः ॥४९॥
मित्रद्रोहकरा ये च प्रीतिच्छेदकराश्च ये ॥ आशाच्छेदकरा ये च ते वै नरकगामिनः ॥५०॥
विवाहं देवयात्रां च तीर्थसार्थान्विलुंपति ॥ स वसेन्नरके घोरे तस्मान्नावर्तनं पुनः ॥५१॥
अग्निं दद्यान्महापापी गृहे ग्रामे तथा वने ॥ स नीतो यमदूतैश्च वह्निकुंडेषु पच्यते ॥५२॥
अग्निना दग्धगात्रोऽसौ यदां छाया प्रयाचते ॥ नीयते च तदा दूतैरसिपत्रवनांतरे ॥५३॥
खड्गतीक्ष्णैश्च तत्पत्रैर्गात्रच्छेदो यदा भवेत् ॥ तदोचुः शीतलच्छाये सुखनिद्रां कुरुष्व भोः ॥५४॥

घर, वन तथा गामने आग लगाडे छे, ते जरूर यमलोकमां तो जाय ज; परंतु त्यां तेने यमदूतो उंचकीने धकधकता अग्निना कुंडमां नाखे छे. ॥५२॥ पछी जे वखत तेनां सकल गात्र दग्ध थवाथी पोताने छाया मळवा बाबतनी यमदूतोने विनंती करे छे ते वखत ए जीवने असिपत्र (तलवार जेवां पांदडांवाळा) नामना वनमां लइ जाय छे. ॥५३॥ के जे वनमां जाय एटले त्यांनां वृक्षना पांदडांथी जे वखत तेना शरीरनुं छेदन थाय छे, ते वखत यमदूतो तेने कहे छे के, अरे ! आ ठेकाणे शीतल छाया छे, निद्रा कर. ॥५४॥



५५

तृषा लागवाथी पाणी मागे तो, तेने यमदूतो कडकडतुं तेल आणी आपे छे. ॥५५॥ अने तेने कहे छे के, अरे ! आ जल पी तथा आ पदार्थ भक्षण कर ए रीते कह्याथी, ए प्राणी ए पदार्थ खाइने, उनुं तेल पीए छेः तथा तेना पेटनी मांहेना सघळां आंतरडां बळी जाय छे, अने ए प्राणी झाडपरथी पडेला डाळानी पेठे धब भोंयपर पडे छे. । ५६॥ ए प्रकारनो पातकी अति संकटे पाछो ऊठीने, अति दीन ( गरीब ) प्रमाणे प्रलाप (विनती) करे छे. ते समये तेने विवशाय (वेणाचुंटा) होवाने लीधे, मात्र श्वासोच्छ्वास नाखे छे. तेनाथी एक शब्द पण बोलातो नथी. ॥५७॥ भगवान् कहे छे हे गरुड ! ए

पानीयं पातुमिच्छन्वै तृषार्तो यदि याचते ॥ पानार्थं तैलमत्युष्णं तदा दूतैः प्रदीयते ॥५५॥
पीयतां भुज्यतां पानमन्नमूचुस्तदेति ते ॥ पीतमात्रेण तेनैव दग्धांत्रा निपतंति ते ॥५६॥
कथंचित्पुनरुत्थाय प्रलपंति सुदीनवत् ॥ विवशा उच्छ्वसंतश्च ते वक्तुमपि नाशकन् ॥५७॥
इत्येवं बहुशस्तार्क्ष्य यातनाः पापिनां स्मृताः ॥ किमेतैर्विस्तरात्प्रोक्तैः सर्वशास्त्रेषु भाषितैः ॥५८॥
एवं वै क्लिश्यमानास्ते नरा नार्यः सहस्रशः ॥ पच्यंते नरके घोरे यावदाभूतसंप्लवम् ॥५९॥
तस्याक्षयं फलं भुक्त्वा तत्रैवोत्पद्यते पुनः ॥ यमाज्ञया महीं प्राप्य भवंति स्थावरादयः ॥६०॥

प्रमाणे पातकी पुरुषोने अनेक प्रकारनी यातना ( शिक्षा ) थाय छे. हवे एवा प्रकारनी यातनाओ अतिशय वर्णववाथी फळ शुं छे ? कारण के, एवा प्रकारनी अनेकविध यातनाओ शास्त्रमां कहेली ज छे. ॥५८॥ हे गरुड ! ए रीतनां दुःख पामनारा हजारो प्राणी भयंकर नरकमां पडीने, महाप्रलय थतां सुधी तेमां ज रचीपची जवापणुं पामे छे. ॥५९॥ ए पापोनुं अक्षय फल भोगवीने, पछी त्यां ज उत्पन्न थाय छे, पछी यमाज्ञाथी पृथ्वीपर फरीथी आवीने, स्थावरादिक-(पर्वत, झाड, विगेरे) मां जन्म ले छे. ॥६०॥

झाड, जाळां, वेल, पर्वत, घास वगेरे एक ठेकाणे स्थिर रहे, ते सर्वने स्थावर कहेवा. सर्वे स्थावर वस्तुओ अति अज्ञानावस्थायुक्त होय छे. ॥६१॥ कीडा, पशु, पक्षी पाणीमां संचार करनारां मच्छरादि तथा देवयोनि ए सर्वे चोराशी लक्ष योनिओने पेटे ज छे. ॥६२॥ ए रीतनी सर्व योनिओमां फरीने, पछी ए सकल पातकीओ मनुष्ययोनिने पामे छे, मनुष्यमां पण ए नरकमांथी आवनार प्रथम चांडालमां जन्म ले छे. तेमां पण आगळ कहेवामां आवशे तेवा पापचिह्नोवाळा छतां, अनेक प्रकारे

वृक्षगुल्मलतावल्लीगिरयश्च तृणानि च ॥ स्थावरा इति विख्याता महामोहसमावृताः ॥६१॥

कीटाश्च पशवश्चैव पक्षिणश्च जलेचराः ॥ चतुरशीतिलक्षेषु कथिता देवयोनयः ॥६२॥

एताः सर्वाः परिभ्रम्य ततो यांति मनुष्यताम् ॥ मानुषेऽपि श्वपाकेषु जायंते नरकागताः ॥

तत्रापि पापचिह्नैस्ते भवंति बहुदुःखिताः ॥६३॥

गलत्कुष्ठाश्च जन्मांधा महारोगसमाकुलाः ॥ भवंत्येवं नरा नार्यः पापचिह्नोपलक्षिताः ॥६४॥

इति श्री गरुडपुराणे सारोद्धारे नरकप्रदपापचिह्ननिरूपणो नाम चतुर्थोऽध्यायः ॥४॥

॥ अथ पञ्चमोऽध्यायः ॥

गरुड उवाच—

येन येन च पापेन यद्यच्चिह्नं प्रजायते ॥ यां यां योनिं च गच्छंति तन्मे कथय केशव ॥१॥

दुःख भोगवे छे. ॥६३॥ ते चिह्न एवां के, केटलाक गळता कोडवाळा, केटलाक जन्मथी ज आंधळा तथा केटलाक महान रोगवाळा होय छे, ए पापनां चिह्नवाळा होय छे. ॥६४॥

इति श्री गरुडपुराणे सारोद्धारे नरकप्रदपापचिह्ननिरूपणो नाम सार्थ चतुर्थोऽध्यायः ॥ ४ ॥

॥ अथ पञ्चमोऽध्यायः ॥

ए रीते कहेलां भगवद्वाक्यो सांभळीने, गरुडजी भगवान्ने पूछे छे, हे भगवान ! कयां कयां पापो वडे, कयां कयां चिह्न उत्पन्न थाय छेतथा कइ कइ योनिओमां जन्म प्राप्त थाय छे? ते मने सविस्तर कथन करो. ॥१॥



७५

ए रीतनुं गरुडजीनुं भाषण सांभळीने, भगवान् कहे छे, हे गरुड ! नरकमांथी आवेला प्राणी जे जे योनिमां जन्म ले छे तथा तेओने जे जे चिह्न उत्पन्न थाय छे, ते सर्व तमने कहु छुं, ते सांभळो. ॥२॥ ब्रह्महत्या करनारो सघळा जन्मोमां क्षयरोगी थाय छे, गोहत्या करनारो कुबडो छतां जडबुद्धिनो थाय छे, पुत्रीने हणनारो कोढना रोगवाळो थाय छे. ए रीते कहेली हत्याओ करनारा एवां चिह्नोवाळा छतां, चांडाल योनिमां जन्म ले छे. ॥३॥ स्त्रीहत्या तथा गर्भपात करनारो भिल्लना कुळमां जन्म लइने रोगी थाय छे. परण्या सिवायनी बाकीनी अयोग्य स्त्रीओ साथे मैथुन करनारो नपुंसक थाय छे. गुरुकुलमांनी स्त्रीओ तरफ मात्र मैथुननी इच्छा करे, तो तेना अंगपरनी चामडी खराब थाय छे. ॥४॥ मांस भक्षण करनारो अति रक्तांध

श्री भगवानुवाचः—

यैः पापैर्याति यां योनिं पापिनो नरकागताः ॥ येन पापेन यच्चिह्नं जायते मन तच्छृणु ॥२॥
ब्रह्महा क्षयरोगी स्याद्गोघ्नः स्यात्कुब्जको जडः ॥ कन्याघाती भवेत्कुष्ठी त्रयश्चांडालयोनिषु ॥३॥
स्त्रीघाती गर्भपाती च पुलिंदो रोगवान्भवेत् ॥ अगम्यागमनात्षंढो दुश्चर्मा गुरुतल्पगः ॥४॥
मांसभोक्तातिरक्तांगः श्यामदंतस्तु मद्यपः ॥ अभक्ष्यभक्षको लौल्याद् ब्राह्मणः स्यान्महोदरः ॥५॥
अदत्त्वा मिष्टमश्नाति स भवेद्गलगंडवान् ॥ श्राद्धेऽन्नमशुचिं दत्त्वा चित्रकुष्ठी प्रजायते ॥६॥

( सघळुं शरीर धोळां कोढवाळुं छतां, आंखो मीचेली होय ते ) थाय छे. मद्यपान करनाराना दांत काळा होय छे. जितेन्द्रिय न छतां ते ब्राह्मण मांसादि अभक्ष्यनुं भक्षण करे छे, तेने जलंदरनो रोग उत्पन्न थाय छे. ॥५॥ मिष्टान्न कर्या छतां कोइने न आपतां मात्र पोते ज खाय छे, तेने गंडमाला-( डोक विस्फोटक जेवुं नीकळे छे ते.) नो रोग थाय छे. श्राद्धमां कोइने एठुं अन्न खवरावे छे, ते चित्रकुष्टी-(शरीरपर करोळिया नीकळे छे ते ) ना रोगवाळो थाय छे. ॥६॥

गर्वने लीधे गुरुनुं अपमान करे, तो तेने वाइ आववानो रोग थाय छे. वेद तथा शास्त्रोनी निन्दा करनारो पांडुरोगी (कमळी अथवा कमळा छतां पेटमां गांठवाळो) थाय छे, ॥७॥ खोटी साक्षी पूरनारो बोबडो थाय छे, पंगत जमता पक्षापक्ष करी, कोइ जातनुं जमण कोइने मूके अने कोइने न मूकनारो आंखे कांणो, तीरछो के मलाखो थाय छे. लग्न अथवा विवाह भांगनारो खोजरो (एक होठ वगरनो) थाय छे. पुस्तकोनी चोरी करनारो जन्मांध (जन्मथी ज आंधळो) थाय छे. ॥८॥ गाय अथवा ब्राह्मणने लात मारनारो हाथेपगे ठूंठो अथवा लंगडो के लूलो थाय छे, मिथ्या (जूठुं) बोलनारो तोतडो थाय

गुरोर्गर्वेणावमानादपस्मारीभवेन्नरः ॥ निंदको वेदशास्त्राणां पांडुरोगी भवेद्ध्रुवम् ॥७॥
कूटसाक्षी भवेन्मूकः काणः स्यात्पंक्तिभेदकः ॥ अनोष्ठः स्याद्विवाहघ्नो जन्मांधः पुस्तकं हरेत् ॥८॥
गौब्राह्मणपदाघातात्खंजः पंगुश्च जायते ॥ गद्गदोऽनृतवादी स्यात्तच्छ्रोता बधिरो भवेत् ॥९॥
गरदः स्याज्जडोन्मत्तः खल्वाटोऽग्निप्रदायकः ॥ दुर्भगः फलविक्रेता रोगवान्परमांस भुक् ॥१०॥
हीनजातौ प्रजायेत रत्नानामपहारकः ॥ कुनखी स्वर्णहर्ता स्याद्धातुमात्रहरोऽधनः ॥११॥
अन्नहर्ता भवेदाखुः शलभो धान्यहारकः ॥ चातको जलहर्ता स्याद्विषहर्ता च वृश्चिकः ॥१२॥

छे, अने सांभळनारो बहेरो थाय छे. ॥९॥ बीजाने झेर देनारो गांडो के उन्मत्त थाय छे. बीजानुं मांस खानारो रोगी थाय छे. ॥१०॥ बीजाना हीरा, माणेक वगेरे रत्नो चोरे, ते नीच जातिमां अवतरे सोनुं चोरनारना नख जन्मथी ज खडबचडा होय छे. गमे ते जातिनी धातु चोरनारो निर्धन थाय छे. ॥११॥ अन्न (रांधेलुं) चोरनारो उंदर थाय छे. दाणा चोरनारो टीड थाय छे. जळ चोरनारो चातक (बपैया नामनुं पक्षी) थाय छे, झेरनो चोरनारो वींछी थाय छे. ॥१२॥

કોઇપણ જાતનું લીલોતરી શાક ચોરનારો મોરપક્ષી થાય છે, કસ્તૂરી વગેરે સુગંધવાળા પદાર્થો ચોરનારો છછુંદરું થાય છે. મધ ચોરનારો વગડાની માખી થાય છે. માંસ ચોરનારો ગરધણ નામનું પક્ષી થાય છે. લવણ (મીઠું) ચોરનારો કીડી થાય છે. ॥૧૩॥ પાન, ફલ, તથા ફૂલ વગેરે ચોરનારો વાંદરો થાય છે. પગે પહેરવાના ચામડાના જોડા, ઘાસ તથા કપાસનો ચોરનારો મેંઢું (ઘેટું) થાય છે. ॥૧૪॥ જે ભયંકર હિંસાદિ કર્મ કરીને જીવે, વ્યાપારી અથવા તિર્થયાત્રા કરવા જતા હોય તેને લૂટે તથા વગડાનાં હરિણયાંની હિંસાદી કરે તે સર્વે, ખાટકી (કસાઇ) ને ઘેર ઘેટાં અથવા બકરાં અથવા એ સિવાય બીજાં નકામી અવસ્થાવાળાં પશુઓ થાય છે. ॥૧૫॥ જેણે ઝેર ખાઇને આત્મહત્યા કરી હોય, તે પર્વત પર કાળો સર્પ થાય

शाकं पत्रं शिखी हत्वा गंधांश्छुच्छुंदरी शुभान् ॥ मधु दंशः पलं गृध्रो लवणं च पिपीलिका ॥१३॥
तांबूलफलपुष्पादिहर्ता स्याद्वानरो वने ॥ उपानत्तृणकार्पासहर्ता स्यान्मेषयोनिषु ॥१४॥
यश्च रौद्रापजीवी च मार्गे सार्थान्विलुंपति ॥ मृगयाव्येसनी यस्तु छागः स्याद्वधिकगृहे ॥१५॥
यो मृतो विषपानेन कृष्णसर्पो भवेदगिरी ॥ निरंकुशस्वभावः स्यात्कुंजरो निर्जने वने ॥१६॥
वैश्वदेवमकर्तारः सर्वभक्षाश्च ये द्विजाः ॥ अपरीक्षितभोक्तारो व्याघ्राः स्युर्निर्जने वने ॥१७॥
गायत्री न स्मरेद्यस्तु यो न संध्यामुपासते ॥ अंतर्दुष्टो बहिःसाधुः स भवेद् ब्राह्मणो बकः ॥१८॥

છે. જે બીજાઓનું કહેલું ન સાંભળતાં, સ્વભાવથી જ મરજી મુજબ આચરણ કરે છે, તે ઉજ્જડ વનમાં હાથી થાય છે. ॥૧૬॥ વૈશ્વદેવ ( જે કંઇ રંધાઇને તૈયાર થાય, તેને ઘીમાં મિશ્ર કરી, દરરોજ બ્રાહ્મણને સત્તર આહુતિઓ મંત્રોચ્ચાર કરીને અગ્નિમાં હોમવી પડે છે તે ) ન કર્યા છતાં, સર્વ જાતિને ઘેર જમનારો તથા આ અન્ન પવિત્ર છે કે અપવિત્ર તેની પરીક્ષા કર્યા સિવાય ભોજન કરનારો, એ બેઉ બ્રાહ્મણો ઉજ્જડ વનમાં વાઘ થાય છે. ॥૧૭॥ બ્રાહ્મણ છતાં જે ગાયત્રી મંત્રનો જપ ન કરે, જે સંધ્યા ન કરે, જે અંતઃકરણમાં દુષ્ટ છતાં ઉપરથી સાધુપણું દેખાડે, તે સર્વ બગલા થાય છે. ॥૧૮॥

यज्ञ करवानो अधिकार न छतां, तेनी पासे जे ब्राह्मण यज्ञ करावे छे ते ग्रामसूचक (भूंड) थाय छे. दक्षिणा मळवाना लोभथी जे ब्राह्मण यजमानना हाथथी बलात्कारे देवपूजनादि कर्म करावे छे, ते गधेडुं थाय छे, भोजन करवा मांडतां ब्राह्मणने जे मंत्रोच्चार करवानो छे, ते न करतां भोजन करे, ते कागडो थाय छे. ॥१९॥ विद्या भणवानी आशाथी कोइ सुपात्र ब्राह्मणे भणवानी इच्छा दर्शावी होय तेम छतां, तेने जे ब्राह्मण न भणावे ते बळद थाय छे. गुरुनी सेवा न करनारो शिष्य गोखर (खच्चर गधेडुं) थाय छे. ॥२०॥ गुरुनो तिरस्कार तथा धिक्कार करनारो अने वाद करीने ब्राह्मणने जीतनारो, बेउ ब्राह्मणो जलरहित प्रदेशमां (पाणी वगरना वगडामां) ब्रह्मराक्षस थाय छे ॥२१॥ दरेक कथा अथवा शास्त्र सांभळीने, वक्ता ब्राह्मणने

अयाज्ययाजको विप्रः भवेद्ग्रामसूकरः ॥ खरो वै बहुयाजित्वात्काको निर्मंत्रभोजनात् ॥१९॥
पात्रे विद्यामदाता च बलीवर्दो भवेद् द्विजः ॥ गुरुसेवामकर्ता च शिष्यः स्याद्गोखरः पशुः ॥२०॥
गुरुं हुंकृत्य तुंकृत्य विप्रं निर्जित्य वादतः ॥ अरण्ये निर्जले देशे जायते ब्रह्मराक्षसः ॥२१॥
प्रतिश्रुतं द्विले दानमदत्त्वा जंबुको भवेत् ॥ सतामसत्कारकरः फेत्कारोऽग्निमुखो भवेत् ॥२२॥
मित्रध्रुग्गिरिगृध्रः स्यादुलूकः क्रयवंचनात् ॥ वर्णाश्रमपरीवादात्कपोतो जायते वने ॥२३॥
आशाच्छेदकरो यस्तु स्नेहच्छेदकरस्तु यः यो द्वेषात्स्त्रीपरित्यागी चक्रवाकाश्चरं भवेत् ॥२४॥

श्रद्धापूर्वक दान आपवुं जोइए, तेम छतां न आपनारो शियाळ थाय छे, अने असत्कार अथवा तामस करीने आपे छे, ते मोढेथी अग्निनी ज्वाळा समान उष्ण श्वासोश्वास फेंकनारो अजगर थाय छे. ॥२२॥ मित्रनो द्रोह करनारो पर्वत परनुं गरधण पक्षी थाय छे. व्यापारमां ठगनारो घुवड पक्षी थाय छे. ब्राह्मण क्षत्री वगेरेना चार वर्णतथा ब्रह्मचर्यादि आश्रमोनी निंदा करे छे, ते होलो अथवा कबूतर थाय छे. ॥२३॥ आशानो भंग करनारो; स्नेह तोडनारो अने द्वेषथी स्त्रीनो त्याग करनारो निरंतर चकोर पक्षी थाय छे. ॥२४॥

મા, બાપ, ગુરુ, બહેન, અને ભાઈ વગેરેનો દ્વેષ કરનારો હજારો વખત તેમને પેટ ગભમાં આવી, ત્યાં જ નાશ પામે છે. ॥૨૫॥ જે સ્ત્રી સાસુ તથા સસરાનો દ્વેષ કરે તથા તેમને ગાળો દઇને કલહ કરે, તે પાણીમાંની જળો થાય છે; તથા જે તેઓની નિર્ભત્સના ( ધમકી સાથે અવગણના ) કરે છે તે માથામાંની જૂ થાય છે. ॥૨૬॥ જે પોતાના પતિનો ત્યાગ કરીને, પરપુરુષના અનુરોધથી ચાલે છે, તે નઠારા આવાજવાળી ગરોળી કે આંધળીચાકરણ થાય છે. ॥૨૭॥ જે પોતાના કુળનો નાશ કરનારો તથા પોતાના ગોત્રમાંની સ્ત્રીની સાથે વિષય સેવનારો હોય, તે બે કકડા થયા હોય, એવી કમ્મરવાળું જરખ

मातापितृगुरुद्वेषी भगिनीभ्रातृवैरकृत् ॥ गर्भे योनौ विनष्टः स्याद्यावद्योनिसहस्रशः ॥२५॥
श्वश्र्वोर्गालिप्रदा नारी नित्यं कलहकारिणी ॥ सा जलौका च स्याद्भर्तारं भर्त्सते च या ॥२६॥
स्वपतिं च परित्यज्य परपुंसानुवर्तिनी ॥ वल्गुली गृहगोधा स्याद्विमुखी वाऽथ सर्पिणी ॥२७॥
यः स्वगोत्रोपघाती च स्वगोत्रस्त्रीनिषेवणात् ॥ तरक्षुः शल्लको भूत्वा ऋक्षयोनिषु जायते ॥२८॥
तापसीगमनात्कामी भवेन्मरुपिशाचकः ॥ अप्राप्तयौवनासंगोद्भवेदजगरो वने ॥२९॥
गुरुदाराभिलाषी च कृकलासो भवेन्नरः ॥ राज्ञीं गत्वा भवेद् दुष्टो मित्रपत्नीं च गर्दभः ॥३०॥

થયા બાદ તે જન્મમાં હિંસા કરીને, પછી રીંછની યોનિમાં જાય છે. ॥૨૮॥ જે પુરુષ વિષયાંધ થઇને પતિવ્રતા સાથે સંભોગ કરે છે, તે મારવાડ દેશમાં પિશાચ થાય છે. તેને તારુણ્ય ( યૌવન ) પ્રાપ્ત ન થયા છતાં તેનો જે ઉપભોગ કરે છે તે અરણ્યમાં અજગર થાય છે. ॥૨૯॥ ગુરુપત્ની સાથે વિષય કરવાની જે પુરુષ ઇચ્છા કરે તે કાંચડો થાય છે. રાજાની રાણી સાથે ગમન કરનારો ઊંટ થાય છે. મિત્રની ભાર્યા સાથે ગમન કરનારો ગધેડો થાય છે. ॥૩૦॥

गुदाद्वाराए (मलत्याग करवाना गुह्यमार्गे) मैथुन करनारो गधेडुं अथवा सूअर थाय छे. शूद्रनी स्त्री साथे गमन करनारो उच्च योनिवाळो पुरुष बळद थाय छे. अति विषयोनुं सेवन करनार पुरुष घोडो थाय छे. ॥३१॥ मरी गयेला माणसना अगियारमांना निमित्तनुं जे पुरुष जमे ते कूकडा (मरघडा) थाय छे. ॥३२॥ जे ब्राह्मण अधम द्रव्य लइने देवोनी पूजा करे छे ते देवलोक श्राद्धादि क्रियाओ तथा यज्ञादि क्रियाओमां वर्जित छे. ॥३३॥ महापातक करनारा यमलोके जइने त्यां ते पातकने लीधे प्राप्त थयेली अति भयंकर नरकनी शिक्षानो उपभोग लीधा पछी, ए कर्मनो क्षय थाय त्यारे,

गुद्‌गो विड्वराहः स्याद्‌वृषः स्याद्‌वृषलीपतिः ॥ महाकामी भवेद्यस्तु स्यादश्वः कामलंपटः ॥३१॥
मृतस्यैकादशाहं तु भुंजानः श्वा विजायते ॥ लभेद्‌देवलोको विप्रो योनिं कुक्कुटसंज्ञकाम् ॥३२॥
द्रव्याथ देवतापूजां यः करोति द्विजाधमः ॥ स वै देवलोको नाम हव्यकव्येषु गर्हितः ॥३३॥
महापातकजान्घोरान्नरकान्प्राप्य दारुणान् ॥ कर्मक्षये प्रजायंते महापातकिनस्त्विह ॥३४॥
खरोष्ट्रमहिषीणां हि ब्रह्महा योनिमृच्छति ॥ वृकश्वानशृगालानां सुरापायांति योनिषु ॥३५॥
कृमिकीटपतंगत्वं स्वर्णस्तेयी समाप्नुयात् ॥ तृणगुल्मलतात्वं च क्रमशो गुरुतल्पगः ॥३६॥

आ पृथ्वीपर पाछा आववा पामे छे. ॥३४॥ तो गधेडां, ऊंट तथा पाडानो जन्म ले छे, तेमज मद्यपान करनारा त्यांनी यातना भोगव्या पछी कर्मनो क्षय थाय एटले, आ लोकमां नारह (वरु) कूतरा तथा शियाळनी योनिने पामे छे. ॥३५॥ जेओए सोनुं चोर्युं अथवा ओळव्युं होय, तेओ कर्मनो क्षय थतां लगी यमलोकमां यातना भोगव्या पछी आ लोकमां कृमि, कीडा, तथा पतंग विगेरेनी योनिने पामे छे तेमज विद्या के धर्मनो रस्तो बतावनार गुरुनी स्त्री साथे विषय करवाने इच्छनाराओ त्यांनी शिक्षा भोगव्या बाद आ लोकमां घास, जाळां, वेला के एवी ज निद्रावस्थित योनिने पामे छे. ॥३६॥

पारकी तथा ब्राह्मणनी स्त्रीनुं हरण करनारो त्यांथी यातना भोगवी आव्या पछी आ लोकमां ब्रह्मराक्षस थाय छे. ॥३७॥ ब्राह्मणने ठगीने मेळवेला द्रव्यनो जे पुरुष उपभोग करे छे, ते पोताना साते कुळनो नाश करे छे. बलात्कारे अथवा चोरीने जे पुरुष ब्राह्मणना द्रव्यनो उपभोग करे छे, ते ज्यांसुधी चंद्र अने नक्षत्रोनो उदय छे त्यांसुधी पोतीकां साते कुळनो नाश करे छे. ॥३८॥ हे गरुड ! लोढानुं अने पत्थरनुं चूर्ण (लोट) या हळाहळ झेरोनुं भक्षण करीने जीरवी शकवानो संभव छे, पण

परस्य योषितं हृत्वा न्यासापहरणेन च ॥ ब्रह्मस्वहरणाश्चैव जायते ब्रह्मराक्षसः ॥३७॥
ब्रह्मस्वं प्रणयाद्भुक्तं दहत्यासप्तमं कुलम् ॥ बलात्कारेण चौर्येण दहत्याचंद्रतारकम् ॥३८॥
लोहचूर्णाश्मचूर्णं च विषं च जरयेन्नरः ॥ ब्रह्मस्वं त्रिषु लोकेषु कः पुमाञ्जरयिष्यति ॥३९॥
ब्रह्मस्वरसपुष्टानि वाहनानि बलानि च ॥ युद्धकाले विशीर्यन्ते सैकताः सेतवो यथा ॥४०॥
देवद्रव्योपभोगेन ब्रह्मस्वहरणेन च ॥ कुलान्यकुलतां यांति ब्राह्मणातिक्रमेण च ॥४१॥
स्वमाश्रितं परित्यज्य वेदशास्त्रपरायणम् ॥ अन्येभ्यो दीयते दानं कथ्यतेऽयमतिक्रमः ॥४२॥
ब्राह्मणातिक्रमो नास्ति विप्रे वेदविवर्जिते ॥ ज्वलंतमग्निमुत्सृज्य नहि भस्मनि हूयते ॥४३॥

ब्राह्मणनुं द्रव्य जीरवी शकवानो संभव नथी. ॥३९॥ ब्राह्मणनुं द्रव्य हरण करीने, ते द्रव्यने बदले आणेला अन्नादि रसवडे पुष्ट थयेला हाथी, घोडा विगेरे सैन्य युद्ध वखते नाश पामे छे; जेमके, रेतीथी भरेली सडक उपयोगी रहेती नथी तेम. ॥४०॥ देवो तथा ब्राह्मणोनुं द्रव्य हरण करे तो, अथवा ब्राह्मणनो अतिक्रम (गणतरीमां न गणवा ते) करे तो तेना कुळने निंदता आवे छे. ॥४१॥ वेद तथा शास्त्रोमां कुशळ होय एवा ब्राह्मणने पडतो मूकीने बीजाने दान आपे, ए ब्राह्मणनो अतिक्रम (उल्लंघन) कर्यो कहेवाय ॥४२॥ जे ब्राह्मण वेदविद्याथी अजाण्यो होय तेने दान न अपाय तो, ब्राह्मणनो अतिक्रम कर्यानो दोष लागु थतो नथी; कारण के प्रदिप्त अग्नि छतां तेनो त्याग करीने, कोइ राखोडीमां हवन करतुं नथी. ॥४३॥

हे गरुड ! ब्राह्मणनुं उल्लंघन करे तो अनेकविध नरक भोगवीने, ते प्राणी जन्मांध, दरिद्री तथा याचक थाय छे, दाता थतो नथी पण दान लेनारो थाय छे. ॥४४॥ पोते आपेली तथा बीजाए आपेली ब्राह्मणनी जमीन जो कोइ हरण करे तो, विष्टामां साठ हजार वर्ष सुधी कीडो थाय छे. ॥४५॥ पोते पोताने हाथे दान आपीने, जे पातकी पाछुं लइ ले छे, ते पातकी प्रलयकाल सुधी नरकमां वास करे छे. ॥४६॥ ब्राह्मणने उपजीविका सारु जे जमीन आपी होय, तेनुं यत्न वडे पालन करवु, जेओ तेनुं पालन करता नथी, अने तेने बदले उलटी पाछी लइ ले छे, ते पोतीकां करेलां कर्मों भोगवी आव्या पछी कूतराना

अतिक्रमे कृते तार्क्ष्य भुक्त्वा च नरकान्क्रमात् ॥ जन्मांधः सन्दरिद्रः स्यान्न दाता किंतु याचकः ॥४४॥
स्वदत्तां परदत्तां वा यो हरेश्च वसुंधराम् ॥ षष्टिवर्षसहस्राणि विष्टायां जायते कृमिः ॥४५॥
स्वयमेव च यो दत्त्वा स्वयमेवापकर्षति ॥ स पापी नरकं याति यावदाभूतसंप्लवम् ॥४६॥
दत्वा वृतिं भूमिदानं यत्नतः परिपालयेत् ॥ न रक्षति हरेद्यस्तु स पंगुः श्वाऽभिजायते ॥४७॥
विप्रस्य वृत्तिकरणे लक्षधेनुफलं भवेत् ॥ विप्रस्य वृत्तिहरणान्मर्कटः श्वा कपिर्भवेत् ॥४८॥
एवामादीनि चिह्नानि योनयश्च खगेश्वर ॥ स्वकर्मविहिता लोके दृश्यंतेऽत्र शरीरिणाम् ॥४९॥
एवं दुष्कर्मकर्तारो भुक्त्वा निरययातनाम् ॥ जायंते पापशेषेण प्रोक्तास्वेतासु योनिषु ॥५०॥

जन्मने पामे छे. ॥४७॥ ब्राह्मणने वृत्ति ( वर्षासन ) आपीने, ते पाळे तो लाख गायोनुं पालन कर्यानुं फल प्राप्त थाय छे. वर्षासननुं हरण करे तो मांकडा, कूतरा तथा वांदरानो जन्म पामे छे. ॥४८॥ भगवान् गरुडने कहे छे के, हे गरुड ! ए रीतनी योनिओ तथा ए रीतनां चिह्नो जे जीवने प्राप्त थाय छे, ते सर्वे निजकर्मोपार्जित छे. ॥४९॥ ए रीतनां दुष्कर्मो करनारा यमलोके जइने, नरकनी यातना भोगवीने, बाकी रहेलां पापोना उपभोगने अर्थे उपर कहेली योनिओमां जन्म ले छे. ॥५०॥

पछी अहीं हजारो नीच योनिओमां जन्म लइने, भार वहेवो वगेरे दुःखोनो उपभोग ले छे. ॥५१॥ भगवान् कहे छे के, हे गरुड ! पछी ए जीवो वृष्टि, शीत तथा उष्णता थकी प्राप्त थनारां दुःख भोगवीने, पाप पुण्य समान थाय एटले तेमने मनुष्यजन्म प्राप्त थाय छे. ॥५२॥ ते एम के स्त्री तथा पुरुषनी कामक्रीडानी वखते पुरुषद्वाराने योगे स्त्रीना उदरमां गर्भ रूप जीव प्रविष्ट थाय छे, त्यारथी मांडीने, ते मरण सुधी अनेक प्रकारनां दुःख भोगवीने मरण पामे छे. ॥५३॥ हे गरुड ! सर्वे जीवोने जन्म तथा मृत्यु छे ते रीते जन्म मरणनुं चक्र, जंगमादि प्राणी मात्रमां प्रवृत्त छे. ॥५४॥ ते बाबत दृष्टांतः-जेम

ततो जन्मसहस्रेषु प्राप्य तिर्यक्शरीरताम् ॥ दुःखानि भारवहनोद्भवादीनि लभंति ते ॥५१॥
पक्षिदुःखं ततो भुक्त्वा वृष्टिशीतातपोद्भवम् ॥ मानुषं लभते पश्चात्समीभूते शुभाशुभे ॥५२॥
स्त्रीपुंसोस्तु प्रसंगेन भूक्त्वा गर्भे क्रमादसौ ॥ गर्भादिमरणांतं च प्राप्ये दुःखं म्रियेत्पुनः ॥५३॥
समुत्पत्तेर्विनाशश्च जायते सर्वदेहिनाम् ॥ एवं प्रवर्तितं चक्रं भूतग्रामे चतुर्विधे ॥५४॥
घटीयंत्रं यथा मर्त्या भ्रमंति मम मायया ॥ भूमौ कदाचिन्नरके कर्मपाशसमावृताः ॥५५॥

अदत्तदानाच्च भवेद्दरिद्रो दारिद्रभावाच्च करोति पापम् ॥
पापप्रभावान्नरके प्रयाति पुनर्दरिद्रः पुनरेव पापी ॥५६॥

के रहेंटनी माळनां डोगलांओमांना जे डोगलां खाली होय ते भराय छे, अने भरायेलां होय ते ठालां थाय छे, तेम ए रीतनी मारी मायाथी सघळ प्राणीओ पोते पोतानां कर्मोने आधीन थइ, नरक तथा पृथ्वीपर जन्म ले छे. ॥५५॥ दान न आपवाने लीधे दरिद्री होवाथी पापकर्म करे छे, तथा पापने लीधे नरकमां जाय छे. ए रीते जीव वारंवार दरिद्री तथा पापी थाय छे. एम जाणवुं. ॥५६॥

जे कांइ सारां के नरसां कर्म कर्या होय; ते भोगववां जोइए, करोडो कल्प जाय तो पण करेलां कर्मोनो उपभोग थया सिवाय तेनो क्षय थतो नथी. ॥५७॥

इति श्री गरुडपुराणे सारोद्धारे पापचिह्ननिरूपणो नाम सार्थपंचमोऽध्यायः ॥५॥

॥ अथ षष्ठोऽध्यायः ॥

ए रीतनां भगवद्वाक्य सांभळीने, गरुड तेमने फरीथी प्रश्न पूछे छेः हे भगवान! आपे कह्युं के कर्माधीनतानी जीव नरकमांथी फरी माना उदरमां प्रवेशित थइने, त्यां दुःख भोगवे छे. तो ते ठेकाणे शी रीतनुं दुःख छे? ते मने कहो. ॥१॥ भगवान् कहे छे के, हे गरुड! स्त्री तथा पुरुषनो रतिरूप प्रसंग थाय. एटले पुरुषनुं वीर्य तथा स्त्रीनुं रुधिर मिश्र थइने, जे रीत जीवनुं

अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥ नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ॥५७॥

इति श्रीगरुडपुराणे सारोद्धारे पापचिह्ननिरूपणो नाम पंचमोऽध्यायः ॥५॥

॥ अथ षष्टोऽध्यायः ॥

गरुड उवाचः—

कथमुत्पद्यते मातुर्जठरे नरकागतः ॥ गर्भादिदुःखं यद्भुक्ते तन्मे कथय केशव ॥१॥

विष्णुरुवाचः—

स्त्रीपुंसोस्तु प्रसंगेन निरुद्धे शुक्रशोणिते ॥ यथाऽयं जायते मर्त्यस्तथा वक्ष्याम्हं तव ॥२॥

ऋतुमध्ये हि पापानां देहोत्पत्तिः प्रजायते ॥ इंद्रस्य ब्रह्महत्यास्ति यस्मिंस्तस्थिन्दिनत्रये ॥३॥

प्रथमेऽहनि चांडाली द्वितीये ब्रह्मघातिनी ॥ तृतीये रजकी ह्येता नरकागतमातरः ॥४॥

स्थान देह उत्पन्न थाय छे, ते सघळुं हुं तने कहुं छुं. ॥२॥ रजोदर्शन थाय एटले इंद्रनी ब्रह्महत्यानुं पातक जे प्रथमना त्रण दिवसोमां ज पातकी लोकोनी देहोत्पत्ति थाय छे. ॥३॥ कारण के इंद्रे ब्रह्महत्या करी, ते एवी रीते वहेंची नांखीने त्याग करी छे के, स्त्री रजस्वला थाय ॥ एटले पहेले दिवसे चांडालणी (भंगियण), बीजे दिवसे ब्रह्मघातिनी तथा त्रीजे दिवसे धोबण जाणवी, चांडाळणी तथा ब्रह्मघातिनीने अडवानो दोष कह्यो छे; तेम छतां नरक थकी आवीने आ लोकमां जन्म लेनारा पातकी जनो, ए त्रण दिवसमां माना उदरमां गर्भरूपे स्थापन थाय छे. ॥४॥

इश्वरनी इच्छाथी देहोत्पत्ति थवा सारु पोतीका कर्मने लीधे पुरुषना वीर्यरूप बिंदुना आश्रय वटे जीव स्त्रीओना उदरमां प्रवेशित थाय छे. ॥४॥ पछी एक रात्री गया केडे स्त्रीना रक्त तथा पुरुषना वीर्यनुं परस्पर मिश्रण थाय छे. पांच रात्री गया केडे तेने वर्तुलनो आकार आवे छे दश रात्री पछी तेनुं परिणाम कठण थवा छतां बोर जेवडुं थाय छे, पछी ए देहने लगता लांबा धाटनो ( इंडाकृतिवाळो ) थाय छे. ॥६॥ एक महिनो थाय एटले ए गर्भनो मस्तक प्राप्त थाय छे. बे महिना पछी हाथ, पग वगेरे सर्व अवयव प्राप्त थाय छे, त्रण मास जाय एटले ए गर्भने नख, वाळ, हाडकां. त्वचा ( चामडी ) तथा लिंगने ( आखा शरीरने ) छिद्रो ( नाक, कान वगेरेनां काणा ) प्राप्त थाय छे. ॥७॥ चार मास जाय एटले साते धातुओनी उत्पत्ति

कर्मणा दैवनेत्रेण जंतुर्देहोपपत्तये ॥ स्त्रियाः प्रविष्ट उदरं पुंसो रेतःकणाश्रयः ॥५॥
कललं त्वेकरात्रेण पंचरात्रेण बुद्बुदम् ॥ दशाहेन तु कर्कंधूः पेश्यंडं वा ततः परम् ॥६॥
मासेन तु शिरो द्वाभ्यां बाह्वगाद्यंगविग्रहः ॥ नखलोमास्थिचर्माणि लिंगच्छिद्रोद्भवस्त्रिभिः ॥७॥
चतुर्भिर्धातवः सप्त पंचभिः क्षुत्तृडुद्भवः ॥ षडभिर्जरायुणा वीतः कुक्षौ भ्राम्यति दक्षिणे ॥८॥
मातुर्जग्धान्नपानाद्यैरेधद्धातुरसंमते ॥ शेते विण्मूत्रयोर्गर्ते स जंतुर्जंतुसंभवे ॥९॥
कृमिभिः क्षतसर्वांगः सौकुमार्यात्प्रतिक्षणम् ॥ मूर्च्छामाप्नोत्युरुक्लेशस्तत्रत्यैः क्षुधितैर्मुहुः ॥१०॥

थाय छे. पांचमा महिनामां क्षुधा तथा तृषानी उत्पत्ति थाय छे. छट्ठा महिनामां जरायु ( शरीर उपर ओरनो पडदो होय छे ते) वडे वींटाइने, तथा श्वासवान थइने, स्त्रीनी जमणी कूखे हालवा मांडे छे. ॥८॥ मात्र खाधेला तथा पीधेला पदार्थोवडे तेनी सकल धातुओ पुष्ट थाय छे. ए रीते स्त्रीओना उदरमां जे ठेकाणे विष्टा तथा मूत्र होय छे एवी निंदायुक्त जगोए रहे छे. ॥९॥ ए ठेकाणे वास करनारा बीजा कृमिओ क्षुधाक्रांत थइने, ए कोमल गर्भने क्षणे क्षणे चटका भरे छे, तथा तेने अति क्लेश थाय छे तेथी मूर्छा आवे छे. ॥१०॥

ए गर्भनी माताए कडवा- ऊना तीखा तथा खारा विगेरे जे जे पदार्थोनुं भक्षण कर्युं होय, तेनो रस, ए गर्भना कोमळ शरीरनो स्पर्श करतां ज ए कोमळ शरीरने अति वेदना थाय छे. ॥११॥ ए रीतनो गर्भाशयमां आंतरडांओ वडे बहार वींटाएलो होवा छतां, माथुं नीचुं छतां, बरडो नमावीने, गर्भिणी स्त्रीनी जमणी कूखमां रहे छे, तेम छतां तेनाथी पोतानुं अंग आडुंअवळुं फेरवी शकातुं नथी. ते बाबत दृष्टांत–जेम एकादुं पक्षी पींजरामां घालवाथी पराधीन छतां, संचार करवाने असमर्थ होय छे तेम. ॥१२॥ ए रीते ए जीव ते ठेकाणे वास करवा छतां, ते ठेकाणे तेने दैवयोगे पूर्वना सो जन्मनां कर्मोनुं

कटुतीक्ष्णोष्णलवणरूक्षाम्लादिभिरुल्वणैः ॥
मातृभुक्तैरुपस्पृष्टः सर्वागोत्थितवेदनः उल्बेन संवृतस्तस्मिन्नंत्रैश्च बहिरावृतः ॥११॥
आस्ते कृत्वा शिरः कुक्षौ भुग्नपृष्ठशिरोधरः ॥ अकल्पः स्वांगचेष्टायां शकुंत इव पंजरे ॥१२॥
तत्र लब्धस्मृतिर्दैवात्कर्म जन्मशतोद्भवम् ॥ स्मरन्दीर्घमनुच्छ्वासं शर्म किं नाम विंदते ॥१३॥
नाथमान ऋषिर्भीतः सप्तवध्रिः कृतांजलिः ॥ स्तुवीत तं विक्लवया वाचा येनोदरेऽर्पितः ॥१४॥
आरभ्य सप्तमान्मासाल्लब्धबोधोऽपिः वेपितः ॥ नैकत्रास्ते सूतिवातैर्विष्ठाभूरिव सोदरः ॥१५॥

स्मरण थाय छे. पछी ए श्वासोच्छ्वास नाखतो बेसे छे. ते जीवने ए ठेकाणे कांइ पण सुख प्राप्त थतुं नथी. ॥१३॥ पछी जेने आत्मसाक्षात्कार थयेलो, सात धातुओ ए जेने सात बंधनो छे, एवो ए गर्भ मांहेनो प्राणी हाथ जोडीने, याचना करतो थको, परमेश्वरे तेने उदरमां घाल्यो ते बाबत दीनताभरेली वाणीथी प्रभुनुं स्तवन करे छे. ॥१४॥ सातमा मास थकी कदापि तेने ज्ञान प्राप्त थाय, तथापि ए ठेकाणेनां अति दुःखोने लीधे कंपित थइने, वात वडे त्यांना नरकमांना कीडाओनी पेठे ते ठेकाणे निवास करे छे. ॥१५॥



५८

ए जीव स्तुति करे छे के भगवान् ! हुं तमारे शरणे छुं. आपने शास्त्रो श्रीपति (लक्ष्मीपति) कहे छे, आप सकळ जगतना आधार छो, तथा सकल पापोनो क्षय करनारा छो, जे आपने शरणे आवे छे ते पर आप दया करनारा छो. ॥१६॥ हे नारायण ! आपनी मायाथी मोहित थइने, देह तथा स्त्री पुत्र वगेरे पर अहंकार तथा ममता करीने, हुं आ संसारने पाम्यो छुं ॥१७॥ के, जेमां सर्व परिवारना पोषणने अर्थे पापपुण्य कर्यां, पछी अंतकाल प्राप्त थयो एटले मारो देह दहन थयो, तथा में संपादन करेलुं सर्व द्रव्य हतुं तेना विभागी थया. ॥१८॥ हे भगवान् ! जो हुं अहींथी छूटीश ती आपना चरणनुं

जीव उवाच:—

श्रीपतिं जगदाधारमशुभक्षयकारकम् ॥ व्रजामि शरणं विष्णुं शरणागतवत्सलम् ॥१६॥
त्वन्मायामोहितो देहे तथा पुत्रकलत्रके ॥ कहं ममाभिमानेन गतोऽहं नाथ संसृतिम् ॥१७॥
कृतं परिजनस्यार्थे मया कर्म शुभाशुभम् ॥ एकाकी तेन दग्धोऽहं गतास्ते फलभागिनः ॥१८॥
यदि योन्याः प्रमुच्येऽहं तत्स्मरिष्ये पदं तव ॥ तमुपायं करिष्यामि येन मुक्तिं व्रजाम्यहम् ॥१९॥
विण्मूत्रकूपे पतितो दग्धोहं जठराग्निना ॥ इच्छन्नितो विवसितुं कदा निर्यास्यते बहिः ॥२०॥
येनेदृशं मे विज्ञानं दत्तं दीनदयालुना ॥ तमेव शरणं यामि पुनर्मे माऽस्तु संसृतिः ॥२१॥

स्मरण करीश; अने एवुं साधन करीश के आ संसारमां फरीथी न आवतां मुक्त थइश. ॥१९॥ विष्टा तथा मूत्रना कूपमां पडेलो छतां जठराग्निथी दहन थयेलो छुं; तथा आ ठेकाणेथी बहार पडवा माटे हुं इच्छा करुं छुं, तो हे परमेश्वर, तमे मने आ ठेकाणेथी क्यारे बहार काढशो ? ॥२०॥ जे दयाशील परमेश्वरे मने आवुं ज्ञान आप्युं, तेमने हुं शरणे जाउं छुं. आ संसार मने फरीथी न जोइए ॥२१॥

अथवा हे भगवन् ! हुं आ गर्भवासथी मुक्त थइ, मूलोकमां जन्म लेवाने इच्छतो नथी, कारण के, जन्म लउं एटले, दुष्कर्मोने लीधे नठारी गति प्राप्त थवानी; ॥२२॥ माटे कदापि हुं आ महत्कलेशयुक्त गर्भवासमां रहुं तेनी फिकर नथी कारण के, आ स्थले निर्मायिकपणे मात्र आपनो आश्रय करीश. तो मारो आ संसारदुःखथकी हुं मारी जाते उद्धार करीश. ॥२३॥ भगवान् गरुडने कहे छे, हे गरुड ! ए रीते भगवाननुं स्तवन करवा छतां, दश महिना थाय, एटले ए जीवने प्रसूति-काले स्त्रीओना उदरमां उत्पन्न थनारो वायु ए गर्भनुं मों नीचुं करी नाखीने, तेने पेटथकी मुक्त करे छे. ॥२४॥ ए वायुनो

न च निर्गंतुमिच्छामि बहिर्गर्भात्कदाचन ॥ यत्र यातस्य मे पापकर्मणा दुर्गतिर्भवेत् ॥२२॥
तस्मादत्र महद्दुःखे स्थितोऽपि विगतक्लमः ॥ उद्धरिष्यामि संसारादात्मानं ते पदाश्रयः ॥२३॥

श्री भगवानुवाचः—

एवं कृतमतिगर्भे दशमास्यः स्तुवन् ऋषिः ॥ सद्य क्षिपत्यवाचीनं प्रसूत्यै सूतिमारुतः ॥२४॥
तेनावसृष्टः सहसा कृत्वाऽवाक्शिर आतुरः ॥ विनिष्क्रामति कृच्छ्रेण निरुच्छ्वासो हतस्मृतिः ॥२५॥
पतितो भुवि विण्मूत्रे विष्ठाभूरिव चेष्टते ॥ रोरूयति गते ज्ञाने विपरीतां गतिं गतः ॥२६॥
गर्भे व्याधौ श्मशाने च पुराणे या मतिर्भवेत् ॥ सा यदि स्थिरतां याति को न मुच्येत बंधनात् ॥२७॥

स्पर्श थतां ज तत्काल नीचुं डोकुं करीने, अतिकष्टथी ए प्राणी योनिद्वारे बहार पडे छे; छे वखते ज गर्भमां हतो ते वखते जे ज्ञान तथा वैराग्य हतां ते सर्वे नष्ट थाय छे. ॥२५॥ ए रीते ए जीव आ लोकमां जन्मीने, नरक तथा मूत्रवाळी पथारीमां नरकमांना कीडानी पेठे चेष्टा करे छे; अने तेनुं गर्भवासमांनुं आत्मसाक्षात्कार ज्ञान नष्ट थवाथी, तथा विपरीत गति प्राप्त थवाथी, ते शोक करे छे. ॥२६॥ हे गरुड ! गर्भ, स्मशान, व्याधिग्रस्तत्व तथा पुराण वंचातुं होय ते वखते मनुष्योना मनमां जे वैराग्य होय छे, ते हंमेजां स्थिर रहे तो मायानां बंधन थका मुक्त थवाने कोने सहेलुं नथी ? ॥२७॥